# બોર્ડ-નિગમના કર્મચારીઓ દ્વારા 'ભીખ' માંગવાની મંજૂરી માટે રજૂઆત

ગાંધીનગર,તા.૩૦

બોર્ડ-નિગમ, સરકારી સાહસો અને નગરપાલિકાના અધિકારી-કર્મચારીઓને કોઈ લાભ આપવાનો થાય છે.ત્યારે રાજ્ય સરકાર આર્થિક નાણા ભીડ અથવા તો નફો-નુકશાનના બહાના હેઠળ કર્માચારીઓને પોતાનો હક આપતી નથી. રાજ્ય સરકારની આવી ભેદભાવવાળી બેવડી નિતીને પગલે કર્મચારી આલમમાં રોષ ભભુકી ઉઠ્યો છે.ત્યારે બોર્ડ નિગમના કર્મચારી મંડળે રાજયના મુખ્યમંત્રીને ભીખ માંગવાની મંજુરી આપવા રજુઆત કરી છે અને કર્મચારીઓ આગામી સમયમાં ભીખ માંગો.. એરીયર્સ માંગોના સ્લોગન સાથે માર્ગો, શેરી, ગલીઓ, જાહેર સ્થળોએ ભીખ માંગી રકમ એકત્ર કરશે.

આ અંગે ગુજરાત રાજ્ય બોર્ડ નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયા જણાવે છે કે બોર્ડ-નિગમના કર્મચારીઓની છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆતો દ્વારા પોતાના હકની રકમ (એરીયર્સ) ની માંગ કરી રહ્યા છે. તેમ છતા રાજય સરકારના પેટનું પાણી હલતું નથી. તાજેતરમાં રોષે ભરાયેલા કર્મચારીઓએ ૨૨ દિવસ સુધી સુત્રોચ્ચાર કર્યા હતા. તેમ છતા રાજય સરકાર ગંભીર ન બનતા કર્મચારીઓમાં વ્યાપક રોષ, આક્રોશ, નિરાશા, હતાશા ઉભી થતાં મહામંડળે સરકારની આર્થિક સ્થિતિ મજબુત કરવા તાલુકા કક્ષાએથી લઈ રાજય સ્તર સુધીના સ્થળોએ સરકાર વતી ભીખ માંગો..એરીયર્સ માંગો ના વિકાસ સ્લોગન સાથે હજ્જારો કર્મચારીઓ જાહેર સ્થળોએ ભીખ માંગશે. ભીખમાંથી મળેલી રકમ રાજય સરકારને ચેક દ્વારા અર્પણ કરાશે. રાજય ખાદ્યકોશમાં રકમ જમા થતા રાજય સરકારની આવક બમણી થશે.ત્યારબાદ તમામ નફા અને નુકશાન વાળા બોર્ડના કર્મચારીઓને એરીયર્સનો લાભ મળશે.

**સરકારી સેવામાં સાદગી-સરળતા અને સહજતા ભળે તો સફળતા આપો આપ મળે**

# માહિતી ખાતાના સંયુકત માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલને નિવૃત્તિ સન્માન અપાયું

વયનિવૃત્ત એ સરકારી સેવા સાથે જોડાયેલી ઘટના છે, પણ નિવૃત્તિ પછી જ્યારે લોકો અને સહકર્મીઓ તમને સતત યાદ કરે એ તમારી સફળતા છે, એમ આજે જણાવ્યું હતું કે, વ્યક્તિ તેના કાર્યથી ઓળખાય છે. શ્રી પ્રજ્ઞાબેને લેખિકા, પ્રવાસી અને સામાજિક કાર્યકર તરીકે આગવી ઓળખ પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગુણવતા સાથે પૂર્ણ થાય એ મહત્વનું છે. આવું થાય ત્યારે અધિકારી કર્મચારીની એક આગવી ઓળખ ઊભી થાય છે અને આ ઓળખ તેમની સિદ્ધિ બને છે.



માહિતી ખાતાની વડી કચેરીમાંથી વય નિવૃત્ત થતા સંયુકત માહિતી નિયામક શ્રી પ્રજ્ઞાબેન પટેલને તેમના નિવૃત્ત સન્માનનો ભાવુક પ્રત્યુત્તર પાઠવતા જણાવ્યું હતું.

આજે માહિતી નિયામક કચેરી ખાતે સંયુકત માહિતી નિયામક પદેથી શ્રી પ્રજ્ઞાબેન પટેલ નિવૃત થયા તેમની વિદાય સન્માનનો એક કાર્યક્રમ અધિક માહિતી નિયામક શ્રી એ. આર. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. અધિક માહિતી નિયામક શ્રી પટેલે નિવૃત થતા સંયુક્ત માહિતી નિયામક શ્રી પ્રજ્ઞાબેનની કાર્યનિષ્ઠા અને તેમના મિલનસાર સ્વભાવની નોંધ લઈ રહેલા સંયુક્ત માહિતી નિયામક શ્રી પુલક ત્રિવેદીએ નિવૃત થઈ રહેલા સુ.શ્રી પ્રજ્ઞાબેન ખરા અર્થમાં પ્રજ્ઞાને વરેલા ગણાવી ઉમેર્યુ હતું કે, સ્વ સાથેના સંવાદ વિના સ્વ વિકાસ થઈ શક્તો નથી. પ્રજ્ઞાબેને આ સંવાદ સાધીને સ્વવિકાસ કર્યો છે. તેમણે પ્રજ્ઞાબેનને મહિલા સશક્તિકરણના પર્યાય ગણાવ્યા હતા.

વિદાય સન્માનનો પ્રતિભાવ પાઠવતા શ્રી પ્રજ્ઞાબેન પટેલે જણાવ્યું હતું કે સરકારી કાર્ય સેવામાં સાદગી, સરળતા અને સહજતા ભળે ત્યારે સફળતા આપોઆપ મળતી હોય છે. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ કામ પૂર્ણ થાય એટલું જ મહત્વનું નથી,

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક સર્વ શ્રી હિરલબેન ત્રિવેદી, રતિલાલ તુરી, ધીરૂભાઈ કોટવાલ ઉપરાંત હિસાબી અધિકારી શ્રી રાજેશ વોરા, સહાયક માહિતી નિયામક શ્રી જયેશ દવે, શ્રી પરિમલ દેસાઈ તથા કેમેરામેન વિનોદ મોદીએ નિવૃત થઈ રહેલા શ્રી પ્રજ્ઞાબેન સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમણે નિરામય નિવૃત્તિની શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું ભાવવાહી સંચાલન સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી હિરેન ભટ્ટે કરી શ્રી પ્રજ્ઞાબેનના ૩૫ વર્ષીય દીર્ઘકાલીન સેવા રેકોર્ડનો તલસ્પર્શી ચિતાર પણ આપ્યો હતો.

# દહેગામ ખાતે ધમધમતા વરલી મટકાના અડ્ડા પર એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એલસીબીની



ટીમને બાતમી મળી હતી કે દહેગામ રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલા જોગણી માતાજીના મંદિર નજીક હરિઓમ સોસાયટી પાસે વરલી મટકાનો અડ્ડો ધમધમી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે વરલી મટકાના જુગારના અડ્ડા પર દરોડો પાડીને રોકડ રૂ.૨૪ હજાર તથા વરલી મટકા જુગાર રમવા વપરાતા સાહિત્ય સાથે પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. જ્યારે વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પીઆઇ તરલ ભટ્ટની ટીમો જિલ્લામાંથી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે એલસીબીના હેડ કોસ્ટેબલ અમરતભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે દહેગામના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલા જોગણી માતાના મંદિર નજીક હરિઓમ સોસાયટી પાસે ખુલ્લેઆમ વરલી-મટકાનો અડ્ડો ચાલુ છે. હરિઓમ સોસાયટીના નાકે સંતોષ ઠાકોર, યુસુફ હુસેન શેખ અને પ્રભાત જી ઠાકોર નામના શખ્સો પોતાના સાગરિતો સાથે મળી વરલી-મટકાનો જુગાર રમાડતા હોવાની મળેલી માહિતી આધારે એલસીબીની એક ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડયો હતો અને વરલી મટકાનો જુગાર રમી રહેલા દહેગામ હરિઓમ સોસાયટીમાં રહેતા ભરત ઉર્ફે બટુક ગોરધન વસાણી, દહેગામ ધર્મ શાળાની બાજુમાં સ્ટેશન રોડ પર રહેતા લક્ષ્મણ માધાજી ઠાકોર, દહેગામ નટુકાકાની ચાલીમાં રહેતા હકમાજી રઘાજી ભીલ, દહેગામ સ્ટેશન રોડ પર રહેતા રાકેશ પોપટલાલ ઠક્કર અને દહેગામ-બાયડ રોડ પર રહેતા નટવર ભવનસિંહ ચૌહાણ મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. એલસીબીની ટીમે તેમની પાસેથી રોકડ રૂ.૨૪,૦૭૦ તથા વરલીમટકાને લગતા સાહિત્ય કબજે કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જાહેર નોટીસ

**અરજદારના વિ.વ.શ્રી પી. એન. પટેલ**

મોડાસાના મે. એડીશનલ જ્યુડી. મેજી. ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. મોડાસા

ફો.પ.અ.નં. ૧૪૪/૨૦૧૮

આંક : ૪

**અરજદાર :** પરમાર અજયકુમાર પરબતભાઈ
રહે. કોલીખડ, તા. મોડાસા, જી. અરવલ્લી
વિરુદ્ધ

**સામાવાળા :** (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મોડાસા નગરપાલિકા, તા. મોડાસા, જી. અરવલ્લી
(૨) ડૉ. લાલા એમ. એમ.
શીફા પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી હોસ્પિટલ
બસ સ્ટેશન પાસે, વૈભવ ફર્નિચરની પાછળ, મોડાસા, જી. અરવલ્લી

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ...**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર અજયકુમાર પરબતભાઈ પરમારનાઓએ તેમના પુત્ર નામે નિર્ભયનો જન્મ તા. ૧૩/૬/૨૦૧૪ના રોજ શીફા પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી હોસ્પિટલમાં થયેલ હોઈ જે મરણની નોંધણી સામાવાળાની નિષ્કાળજીના કારણે જે તે સમયે નોંધાવવાની રહી ગયેલ હોઈ જે જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે.જેમના મરણની નોંધણી જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મોડાસા નગરપાલિકા કચેરી, મોડાસા, તા. મોડાસામાં નોંધ જન્મનો દåખલåેં મેળવવાનો હોઈ જે બાબતે જે ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી મુ. તા. ૧૫/૧૨/૨૦૧૮ના રોજ અત્રેની કોર્ટમાં સવારના કલાક ૧૧:૦૦ વાગે હાજર થઈ લેખિતમાં વાંધાઓ રજૂ કરવા, જો તેમ કરવામાં કસુર થયેથી અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તા. ૨૯મી માહે નવેમ્બર સને ૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર**
**મુકાબલ કરનાર**
**સહી/-**
**(બી. પી. ચૌહાણ)**
**સુપ્રિન્ટેન્ડેન્ટ**

કોર્ટનો સીક્કો

**હુકમથી**
**સહી/-**
**(એમ. ડી. પરમાર)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, મોડાસા**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**દિલ્હીથી ટીમ આવી છે, આપણે ખેડૂતો શા કારણે આત્મહત્યા કરીએ છીએ તેના પર રસપ્રદ અહેવાલ તૈયાર થશે....**



શ્રીજીના ચરણમાં અન્નકૂટ : શહેરમાં ગોવર્ધનનાથજીની હવેલી ખાતે અન્નકૂટ યોજાયો હતો. વૈષ્ણવ સંપ્રદાયના યુવા આચાર્ય પૂ. વ્રજરાજકુમારે આરતી ઉતારી અન્નકૂટના દર્શન ખૂલ્લા મૂક્યા હતા. શ્રીજીની હવેલી ખાતે યોજાયેલ અન્નકૂટના દર્શન માટે વૈષ્ણવ સંપ્રદાયના ભાવિકો ઉપરાંત અનેક શહેરીજનો ઉમટ્યા હતા.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
GSCSC

ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો નિર્ણય



સરકાર દ્વારા ટેકાના ભાવે મગ અને અડદની ખરીદીનો શુભારંભ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ટેકાના ભાવ

| જુદા જુદા પાક | બજાર કિંમત (પ્રતિ મણ) | સરકાર આ ભાવે ખેડૂતો પાસેથી ખરીદશે (પ્રતિ મણ) |
|---|---|---|
| મગ | રૂ. ૧૧૪૨/- | રૂ. ૧૩૯૫/- |
| અડદ | રૂ. ૯૫૦/- | રૂ. ૧૧૨૦/- |

વેચાણ આપવા ઈચ્છતા ખેડૂતો તા. ૦૧-૧૨-૨૦૧૮ થી આ i-pds પોર્ટલ ઉપર ફરજીયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે

૧૦ ડિસેમ્બર ૨૦૧૮ થી રાજ્યના
મગ માટે ૩૪ APMC કેન્દ્રો તથા
અડદ માટે ૫૮ APMC કેન્દ્રો પરથી
ટેકાના ભાવે મગ અને અડદની
ખરીદીનો પ્રારંભ થશે
અને ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ખરીદી કરાશે.

- નોંધણી સમયે ૭/૧૨, ૮-અ, આધાર કાર્ડ તથા બેન્કની વિગતો રજૂ કરવાની રહેશે.
- વેચાણ થયેલ મગ અને અડદના નાણાં સીધા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશનનો ક્રમ ધ્યાને લઈ મગ અને અડદનો જથ્થો APMC ખરીદ કેન્દ્ર ખાતે ખરીદી કરવામાં આવશે.

જે તાલુકા / જિલ્લામાં ખરીદ કેન્દ્રો નથી તે વિસ્તારના ખેડૂતો નજીકના શરૂ કરેલ ખરીદ કેન્દ્રો પર નોંધણી કરાવી શકશે.

હેલ્પ લાઈન નં. : ૮૫ ૧૧ ૧૭ ૧૭ ૧૮, ૮૫ ૧૧ ૧૭ ૧૭ ૧૯
ફોન, SMS એસએમએસ, વોટ્સએપ દ્વારા સંપર્ક કરી શકાશે.

"ખેડૂતોના હિતોની જાળવણી માટે ગુજરાત સરકાર હંમેશા કાર્યરત છે અને રહેશે..."
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ, ગુજરાત સરકાર